ક્રમાંક : જીઆઈડીસી/કા.નિ.(વસુલાત)/ ૦૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર
તારીખ : ૨૮-૦૧-૨૦૧૬

# : : પ રિ પ ત્ર : :

**વિષય :- કબજો પરત આપવા (રીસ્ટોરેશન) ની નીતિ અમલમાં લાવવા બાબત**

જુદા જુદા એસોસીએશનો દ્વારા કરવામાં આવેલ રજુઆતો અને તે આધારે થયેલ વિષદ ચર્ચાના આધારે ધ્યાને આવેલ હતું કે, એવી મિલ્કતો કે જે નિગમ દ્વારા જી.પી.પી.એક્ટ-૧૯૭૨ હેઠળ વણવપરાશી / વસુલાત રાહે પરત મેળવવામાં આવેલ હોય તેવી મિલ્કતોના મૂળ ફાળવણીદારો દ્વારા પુન : પરત મેળવવા અનેક રજુઆતો થયેલ છે. આવી મિલ્કતો ફાળવણી માટે નિગમ પાસે ઉપલબ્ધ હોય તો તેવી મિલ્કતો પરત સોંપવા ચોકકસ નીતિ અમલમાં લાવવા નિગમના નિયામક મંડળ સમક્ષ મુકી યોગ્ય ઠરાવ કરવું આવશ્યક હતું.

કબજો પરત આપવાની (રીસ્ટોરેશન) ની નીતિ નકકી કરવા બાબતે તા.૧-૧-૨૦૧૬ ના રોજ મળેલ નિગમની ૪૮૬ ની સભામાં કાર્યસૂચિ ક્રમાંક : ૧૭/ વસુલાત/૪૮૬ થી રજુ કરવામાં આવેલ કાર્યસુચિ અનુસંધાને ઠરાવ ક્રમાંક : ૧૪/વસુલાત /૪૮૬/૨૦૧૬ થી કબજો પરત આપવા (રીસ્ટોરેશન) ની નીતિ અન્વયે નીચે મુજબની સ્કીમ જાહેર કરવામાં આવે છે.

**<u>અરજી કરવાની પાત્રતા :</u>**

(૧) જે ફાળવણીદારોની મિલ્કત વસુલાત/ વણવપરાશી રાહે નિગમે પરત સંભાળી લીધેલ હોય તેવી મિલ્કતો જેવી કે પ્લોટ/શેડ/વાણિજય પ્લોટ/ આનુષાંગિક સુવિધાઓ જેવી કે પોસ્ટ ઓફિસ, બેંક, ગોડાઉન વગેરે મિલ્કતો નિગમ પાસે ફાળવણી માટે આજની તારીખે ઉપલબ્ધ હોય અને આવી મિલ્કતો નિગમ હસ્તક કર્યાના ત્રણ માસ ઉપરનો સમયગાળો થઈ ગયેલ હોય તો તેઓ આ નીતિ અંતર્ગત અરજી કરી શકશે.

(૨) જે કિસ્સામાં ફાળવણીદાર દ્વારા પોતાની મિલ્કતો નિગમમાં સ્વેચ્છાએ સરન્ડર કરેલ હોય અને રીફંડ મેળવી લીધેલ હોય તેવા કિસ્સાઓમાં ફાળવણીદાર આવી કોઈ મિલ્કત પુનઃ પરત મેળવવા હકકદાર રહેશે નહી અને આવી કોઈ અરજી સ્વીકારવાપાત્ર રહેશે નહી.

(૩) આ નીતિ અંતર્ગત અરજી કરતાં પહેલાં ફાળવણીદારે જે કોઈ સ્તરે જે પણ કોર્ટ કેસ/વિવાદ/ ફરિયાદ કરેલ હોય તે બીનશરતી પરત ખેંચી લેવાની રહેશે. પરત ખેંચ્યા અંગેનું રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરીખત આપવાનું રહેશે.

(૪) અગાઉ કોઈ કારણોસર ફાળવણીદારની રજુઆત નામંજુર કરવામાં આવેલ હોય અને આજની તારીખે તેઓની મિલ્કત ફાળવણી માટે ઉપલબ્ધ હોય તો તેવા અરજદારો અરજી કરી શકશે.

**વસુલવાપાત્ર રકમઃ**

(૧) આ નીતિ અંતર્ગત કોઈ પણ મિલ્કતનો કબજો પરત સોંપતાં પહેલાં નીચે દર્શાવેલ બે રકમોમાંથી જે રકમ વધુ હોય તે બાકી રકમ તરીકે વસુલવાની રહેશે.

નિગમની તમામ બાકી લ્હેણી રકમ જેવી કે હપ્તા / આઈ.ડી.પી./ પી.આઈ. તથા રેવન્યુ ચાર્જીસ તથા તેના ઉપરનું વ્યાજ, લાગુ પડતી વણવપરાશી દંડકીય રકમ તથા અન્ય તમામ લ્હેણાં ***અથવા*** જે તે વસાહતનો જે તે મિલ્કતના પ્રવર્તમાન ફાળવણીદર પ્રમાણે થતી મિલ્કતની કુલ કિંમત.

(૨) આ નીતિ અંતર્ગત ફાળવણીદારે જે તે વસાહતના પ્રવર્તમાન ફાળવણી દર પ્રમાણે થતી રકમના ૧૦ ટકા વધારાની રકમ ભરપાઈ કરવાની રહેશે.

ફાળવણીદાર દ્વારા ઉપર જણાવ્યા મુજબની ભરવાની થતી રકમમાંથી જે કોઈ રકમ નિગમ પાસે જમા હોય તો તે રકમ મજરે આપવાની રહેશે.

**શરતો :–**

(૧) આ નીતિ અંતર્ગત ફાળવણીદારની જે મિલ્કતનો કબજો નિગમ દ્વારા વણવપરાશી / વસુલાત રાહે પરત મેળવેલ હોય તે જ મિલ્કતનો કબજો ફાળવણીદારને પરત સોંપવાનો રહેશે. જો ફાળવણીદારની મિલ્કત નિગમ

પાસે ફાળવણી માટે ઉપલબ્ધ ન હોય તો આવી અરજી ઉપર કોઈપણ જાતની કાર્યવાહી કરવાની રહેશે નહીં.

(૨) કબજો પરત સોંપવાના હુકમમાં હાલની નીતિ પ્રમાણે સમાવેશ કરવામાં આવતી તમામ શરતોનો ઉલ્લેખ બિનચૂક કરવાનો રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો અમલ કરવાની અને તે અન્વયે નિર્ણય લેવાની સઘળી સત્તા માન.ઉપા. અને વ.સં.શ્રીને હસ્તક રહેશે.

**સહી/–**
**(મનોજ અગ્રવાલ)**
**ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક**

પ્રતિ,

૧. નિગમના તમામ અધિકારીઓ ... તરફ

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ ... તરફ જાણ સારું.

૩. નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ ... તરફ જાણ સારું.

૪. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર ... તરફ સદર પરિપત્ર વેબસાઈટ પર મુકવા સારું.

**રવાના કર્યું :**

**(ઉમેશ વ્યાસ)**
**કાર્યપાલક નિયામક (ઈએન્ડએ)**